મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના વધારાના ૨૫૬ કિચનશેડનું
આધુનિકરણ કરવાની યોજનાની વહીવટી મંજૂરી આપવા બાબત.
સને ૨૦૧૪-૧૫ : નવી બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૨૧૫/૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૦૩/૨૦૧૫

**વંચાણે લીધા:-**

(૧) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૧૪ના ના અસ પત્ર ક્રમાંક: નં.૭-૧૩/૨૦૧૩-ઇઇ.
૬/(એમડીએમ ૩-૧)

(૨) શિક્ષણ વિભાગના તા.૨૩/૯/૨૦૧૪ અને તા.૧૧/૦૨/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવ

(૩) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરના તા.૨૬/૩/૨૦૧૫ ના પત્ર ક્રમાંક: એસ.એસ.એ./સીવીલ/૨૦૧૫/૧૦૮૬૫

ઠરાવ –

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પોષ્ટીક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન બનાવવા માટે કિચન શેડનું બાંધકામ કરવામાં આવે છે.ભારત સરકારના સંદર્ભ-(૧)ના અ.સ.પત્ર અ ન્વયે કમિશ્નરશ્રી મ.ભો.યો.ના સંદર્ભ-(૨)ના પત્રથી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી પ્રાથમિક શાળાઓના કિચનશેડનું આધુનિકરણ કરવા માટે એક કિચનશેડ દીઠ રુ.૫/-લાખ લેખે ૫૦૦ કિચનશેડ માટે સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં.૯,પ્લાન સદરે રુ.૨૫૦૦/-લાખની બજેટ જોગવાઇ ને સંદર્ભ-(૨) ના ઠરાવથી વહિવટી મંજુરી આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૩) ના પત્રથી એસ.એસ.એ.દ્વારા કિચનશેડનું આધુનિકરણ કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા એક કિચનશેડનું આધુનિકરણ કરવા માટે રુ.૩,૩૦,૩૫૦ મંજુર કરવામાં આવતા કુલ ખર્ચ રુ.૧૬,૫૧,૭૫,૦૦૦/ નો ખર્ચ થશે અને બચત રહેલ ગ્રાન્ટની રકમ રુ.૮,૪૮,૨૫,૦૦૦/ની બચત રકમમાંથી વધારાના ૨૫૬ કિચનશેડનું આધુનિકરણ કરવા માટે એક કિચનશેડનું આધુનિકરણ કરવા માટે રુ.૩,૩૦,૩૫૦ લેખે મંજુરી આપવાની દરખાસ્ત દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાના અંતે એસ.એસ.એ.દ્વારા કિચનશેડનું આધુનિકરણ કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા એક કિચનશેડનું આધુનિકરણ કરવા માટે રુ.૩,૩૦,૩૫૦ મંજુર કરવામાં આવતા કુલ ખર્ચ રુ.૧૬,૫૧,૭૫,૦૦૦/ નો ખર્ચ થશે અને બચત રહેલ ગ્રાન્ટની રકમ રુ.૮,૪૮,૨૫,૦૦૦/માંથી વધારાના ૨૫૬ કિચનશેડનું આધુનિકરણ કરવા માટે એક કિચનશેડનું આધુનિકરણ કરવા માટે રુ.૩,૩૦,૩૫૦ લેખે વિભાગના તા.૨૩/૯/૨૦૧૪ અને તા.૧૧/૦૨/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે અને પ્રસ્તુત બાબતે થનાર ખર્ચમાં બચત રહેતી પરત જમા કરવાની રહેશે

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

**પ્રતિ,**

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.